ગાંધીનગર સમાચાર

ગાંધીનગર કલેક્ટર કચેરી પર પથ્થરમારો

# પાટીદારોના એલાનથી ગાંધીનગર સજ્જડ બંધ

**શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરો સહિત બજાર, બેંકો અને બસો પણ બંધ : સરકારી કચેરીઓમાં પણ ખાલીપો દુકાનો બંધ કરાવા આવેલા ટોળા સાથે પણ ઘર્ષણ : બંધના એલાનથી નગરમાં સુનકાર છવાયો.**





















(તસવીર : દિપક જાની)

ગાંધીનગર તા ૨૬

પાટીદાર સમાજના અનામતની લડતમાં ભડકો થતા ગત રાતથી રાજયમાં ઠેર ઠેર આગ ચંપી સાથે તોડફોડના બનાવોથી સમગ્ર રાજયમાં અશાંતિ અને તંગદીલીનુ વાતાવરણ સર્જાયુ છે.ગાંધીનગર જિલ્લામાં

પાટીદાર આંદાલનના લીધે ગત મોડીરાતથી તોડફાડ અને પત્થરમારાના બનાવો સાથે ટોળાએ તોફાન કરવાનુ શરૂ કરી દિધુ હતુ. જયારે બંધના એલાનના પગલે ગાંધીનગરમાં પણ સજ્જડ બંધ જોવા મળ્યો હતો. શહેરના શોપિંગ સેન્ટરો તેમજ શાળા કોલેજો અને બેંકો સહિતની સેવાઓ બંધ રહી હતી. નગરમાં સજ્જડ બંધના લીધે માર્ગો પર સુનકાર જોવા મળ્યો હતો. કેટલાક ઠેકાણે બાઈકર્સ ગેંગે હોબાળો મચાવી દુકાનો બંધ કરાવી હતી.જયારે શહેરના મોટાભાગના પેટ્રોલ પંપો પણ સવારથી બંધ જોવા મળ્યા હતા. જો કે ટોળાએ બંધ કરાવેલા પંપો થોડીવારમાં શરૂ કરી દેવાયા હતાં. શહેરમાં બંધના એલાનના લીધે જાહેરજીવન પ્રભાવિત થયુ હતુ.સરકારી કચેરીઓ ચાલુ હોવાછતા ખાલીપો જોવા મળ્યો હતો. બંધના લીધે રૂટીન સેવાઓ ખોરવાઈ જતા નાગરિકોએ હાલાકી ભોગવવી પડી હતી.

ગઈકાલે અમદાવાદમાં યોજાયેલી પાટીદારોની મહારેલીના અંતે પોલીસ દ્વારા પાટીદાર નેતા હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવતા અનામતની લડતે તોફાની સ્વરૂપ પકડ્યુ હતુ. અમદાવાદ સહિતના રાજયના મુખ્ય શહેરોમાં ગત રાતથી જ તોડફોડ અને આગચંપીના બનાવોથી ઠેર ઠેર આંદોલનનુ હીંસક રૂપ જોવા મળ્યુ હતુ. અમદાવાદની સાથે ગાંધીનગરમાં જ ગત રાતથી તોફાને ચઢેલા ટોળાએ પત્થરમારો શરૂ કરી દેતા ભયનો માહોલ સર્જાયો હતો. શહેરના ઘ માર્ગ પર રાત્રિના સમયે ટોળાએ પત્થરમારો કરી માર્ગ વચાળે સેન્ટ્રલ વર્જમાં સ્થિત સાઈન બોર્ડ પણ ઉખાડીને ફેંકી દિધા હતા. જિલ્લામાં કેટલાક ઠેકાણે આગચંપીના બનાવો પણ બન્યા હતા.પાટીદાર નેતા દ્વારા બુધવારે બંધનુ એલાન જાહેર કરાતા આજે રાજયના પાટનગરમાં પણ સજ્જડ બંધ જોવા મળ્યો હતો. સવારના સમયે સેકટરોમાં કેટલાક ઠેકાણે ચાલુ રહેલી દુકાનો પણ બાઈક પર આવેલા ટોળાએ બંધ કરાવી દીધી હતી. જયારે સવારથી જ શહેરમાં બંધની અસરના લીધે અનોખો સુનકાર જોવા મળ્યો હતો. શહેરના મુખ્ય સે-૨૧ શોપિંગ સેન્ટર સે-૧૬ ઈન્ફોસિટીના વિસ્તારમાં પણ દુકાનો બંધ રહી હતી. આ ઉપારાંત સેકટરોમાં પણ નાની મોટી દુકાનોને તાળા જોવા મળ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ બંધના લીધે નાના મોટા બજારો બંધ રહયા હતા. નગરમાં શાળા કોલેજો તેમજ બેંક સેવા પણ પ્રભાવિત થઈ હતી. નગરના પેટ્રોલ પંપો પણ સવારે થોડો સમય બંધ રહયા હતા . બાઈક પર આવેલા ટોળાએ પેટ્રોલ પંપો બંધ કરાવી દેતા વાહન ચાલકોએ હાલાકી વેઠવી પડી હતી. જો કે પોલીસની મદદથી આખરે પંપા શરૂ કરી દેવાયા હતા. નગરની સરકારી કચેરીઓ આજે ચાલુ હોવા છતા બંધ જેવા માહોલ સર્જાયો હતો. સરકારી કચેરીઓમાં પણ ખાલીપો જોવા મળ્યો હતો. શહેરના એસ ટી ડેપો પણ બંધ જોવા મળ્યો હતો. એસ ટી એ પણ બસસેવા બંધ

● અનુસંધાન પાન-૭ પર

## આજે કલેક્ટરના અધ્યક્ષપદે શાંતિ સમિતિની બેઠક

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં બનેલ ઘટનાઓના પગલે આજે જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જિલ્લા શાંતિ સમિતિની તાકીદની બેઠક બોલાવી છે.

સવારે ૧૧ વાગે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં વિવિધ આગેવાનો અને અગ્રણીઓ આ બેઠકમાં હાજર રહેશે.

જિલ્લા કલેક્ટરશ્રીના કોન્ફરન્સ રૂમમાં મળનારી આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહેનાર છે.

## જ અને છ માર્ગ વધુ બે દિવસ માટે વાહન-વ્યવહાર માટે બંધ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના જ-માર્ગ અને છ-માર્ગને વધુ બે દિવસ માટે વાહન-વ્યવહાર માટે સંપૂર્ણ બંધ રાખવાનું નવું જાહેરનામુ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે જારી કર્યું છે. ગાંધીનગર શહેરના જ-માર્ગ પર મંત્રીશ્રીઓના નિવાસસ્થાન સહિત મહત્વના સ્થાનો છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તી સામે પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય દંડસહિતા-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. ગઈકાલે આ બન્ને માર્ગો સલામતીના કારણોસર બંધ કરવામાં આવ્યા હતા. આ પ્રતિબંધાત્મક હૂકમો વધુ ૨૬ અને ૨૭ દરમ્યાન લંબાવવામાં આવેલ છે.

## કોંગ્રેસે ગૃહના આરંભે પ્લે કાર્ડ બતાવ્યા

### ગૃહના અધ્યક્ષ અને વિપક્ષના નેતાએ સભ્યોને સમજાવતાં બધા જ સભ્યો શાંત થયા

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાના ત્રિદિવસીય સત્રનો આજથી આરંભ થયો છે. ગઈકાલે રાત્રે અમદાવાદ સહિત રાજ્યભરના વિવિધ વિસ્તારોમાં બનેલા બનાવોને લઈ મુખ્યમંત્રીના રાજીનામાની માંગણી સાથે અત્યાચારો



**વિધાનસભાના દ્વારેથી**

**- પ્રકાશ જહા**

સરકાર બંધ કરેની માંગણી કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં કરી અને પ્લેકાર્ડ પણ દર્શાવ્યા હતા.

જો કે આ પળે અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવાએ જાહેરાત કરી હતી કે આપણા ગૃહની પરંપરા છે કે જ્યારે શોકદર્શક ઉલ્લેક હોય ત્યારે આપણે આ બધાથી પર હોઈએ છીએ. તમે તમારા સ્થાને બેસી જાવ.

આ પછી વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ તેમના સ્થાને ઉભા થઈને તેમના પક્ષના સભ્યોને સમજાવ્યા હતા. આ પછી કોંગ્રેસના સભ્યો શાંત થઈ ગયા હતા.

વિધાનસભા ગૃહમાં ત્રણેક મિનિટની આ ઉત્તેજના પછી ગૃહની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલી હતી અને શોકદર્શક ઉલ્લેખો બાદ ગૃહની કાર્યવાહી મુલ્તવી રાખવામાં આવી હતી.

**● સભ્યોને પ્રકાશનો અપાયા**

આજે વિધાનસભા ગૃહના સભ્યોને વિવિધ પ્રકાશનો જે વિધાનસભા સચિવાલયને મળ્યા હતા તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સરકારના બે પ્રકાશનો છે.

**● અન છેલ્લે...**

આજે વિધાનસભા ગૃહમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી હતી તેમજ ઉભી થયેલી અશાંતિને લઈ સૌના મુખ પર ચિંતાની લાગણીઓ પથરાયેલી જોવા મળી હતી.

# ગાંધીનગર કલેક્ટર કચેરી પર પથ્થરમારો

**તોડફોડ બાદ રાત્રે તોફાની ટોળા અને પોલીસ આમને-સામને : ટીયરગેસ છોડવામાં આવ્યા : ઘ-૩ થી ઘ-૪ વચ્ચે અડધો કલાક સુધી હંગામો ચાલ્યો**







ગાંધીનગર, તા. ૨૬

પાટીદાર અનામત આંદોલનની અમદાવાદ મહારેલી સંપન્ન થયા બાદ હાર્દિક પટેલની ધરપકડ થતાં સમગ્ર રાજ્યમાં મામલો બિચક્યો હતો અને ઠેર-ઠેર તોફાનો સર્જાયા હતા. ગાંધીનગર શહેર તથા આસપાસના તાલુકાઓમાં પણ પરિસ્થિતિ તંગ થઈ જવા પામી હતી. ગાંધીનગર કલેક્ટર કચેરી ઉપર પથ્થરમારો કરી તોડફોડ કર્યા બાદ તોફાની ટોળો ઘ-૩ થી ઘ-૪ના માર્ગ વચ્ચે વૃક્ષો આડા કરી દઈ ચક્કાજામ કર્યો હતો તે ઉપરાંત ડીવાઈડર વચ્ચે લગાડેલા લોખંડના સાઈન બોર્ડ, મુખ્યમંત્રીની જાહેરાતો વાળા હોર્ડીંગ્સ, દિશાસૂચક બોર્ડ તથા ટ્રાફીક સિગ્નલો પણ જડમુળમાંથી ઉખાડી લઈ તોડફોડ શરૂ કરી દેતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસ અને ટોળા વચ્ચે પણ ઘર્ષણ થતા ટીયરગેસના સેલ છોડવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગર કલેક્ટર કચેરી પર પથ્થરમારા બાદ શહેરમાં વાતાવરણ ડોહળાયુ હતુ. પોલીસે રાત્રે ઘ-૪થી ઘ-૩ના માર્ગ પર બેરીકેટીંગ કરી નાંખ્યું હતું. ઠેર ઠેર જાહેર સંપતિના નુકશાનના દશ્યો જોવા મળ્યા હતા. તોફાને ચઢેલા ટોળાને વિખેરવા પોલીસે ટીયરગેસના સેલ છોડવા પાડ્યા હતા. આ ટીયરગેસના અવાજ સાંભળી શહેરમાં ફાયરીંગ થયાની અફવાઓએ પણ વેગ પકડ્યો હતો.

શહેરમાં વાતાવરણ તંગદીલીભર્યુ સર્જાવા લાગતા પોલીસે ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટા વિસ્તાર ખાલી કરાવવો પડ્યો હતો. અને તોફાની ટોળાને કાબુમાં લેવા જતાં આમને સામને આવી ગયા હતા. એકવાર તો ટોળાએ પોલીસને પણ દોડાવી હતી. જો કે આ સ્થિતિ બાદ ગાંધીનગર શહેરમાં ક્યાંય ચિંતાજનક પરિસ્થિતિ ઉભી થવા પામી ન હતી.



(તસવીર : દિપક જાની)

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

લીકેજ-મુક્ત ઘરો માટે
ADITYA BIRLA GROUP
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com